જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૧/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી ૨૯૨ લીટર દેશી દારૂ અને ૧૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૧૯૬/૧૬

**શહેરકોટડા** : અશોકભાઇ ઉર્ફે ભુરો મફાભાઇ નાડીયા (ઉ.વ.૩૬)(રહે, નવદુર્ગાની ચાલી, નરનારાયણ કાંટા પાસે સોનીયા સિરામીક ચાર રસ્તા અનિલ સ્ટાર્ચ રોડ બાપુનગર) એ તા.૨૭/૧૧/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે નવદુર્ગાની ચાલીના નાકેથી પોતાનાં ભાઇ અમરતભાઇ ઉર્ફે અમિસા દે અંજના દે પાવૈયા ને આરોપી સંજય અને તેની સાથેના ત્રણ માણસો સફેદ ફોર વ્હીલ ગાડીમાં કોઇ કારણસર અપહરણ કરી વટવા કોઇ મકાનમાં લઇ જઇ, અમરતને શરીરે માર મારી ગંભીર ઇજાઓ કરતાં, સારવાર અર્થે અમરતભાઇને સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૧/૧૬ રાતનાં ૧૧/૦૦ વાગે અમરતભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઈ.શ્રી એમ.ડી.ઉપાધ્યાય ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૧૯૭/૧૬

**વાડજ** : માણેકભાઇ સ\ઓ પુજાભાઇ વાઘેલા (ઉ.વ.૫૨)(રહે.આંબેડકનગર સત્તાધાર સોસાયટીની બાજુમાં પોસ્ટ ઓફિસ રોડ અંકુર સ્કુલની સામે અમરાઇવાડી) એ તા.૨૬/૧૧/૧૬ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે લગ્નના એક વર્ષ બાદથી તા.૨૫/૧૧/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાની પુત્રી રંજનબહેન (ઉ.વ.૩૨) ને તેના પતિ જીતેન્દ્ર અમૃતલાલ સોલંકી (રહે.નિર્ણયનગર મહાદેવનગર નવાવાડજ) નાઓએ માનસિક અને શારિરીક ત્રાસ આપવાનાં કારણે તા.૨૫/૧૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાનાં સુમારે રંજનબહેને સાસરીમાં ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી. બુંબડીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૧૯૮/૧૬**

**રામોલ** : વિરાજભાઇ રેવાભાઇ દેસાઇ (ઉ.વ.૧૯)(રહે. ન્યુ રાધેશ્યામ સોસાયટી રાજેન્દ્રપાર્ક રોડ ઓઢવ) એ તા.૨૬/૧૧/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૧૬ થી તા.૨૨/૧૧/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મકસુદભાઇ રસુલભાઇ મેમણ અને (૨)રફિકભાઇ (જેના પુરા નામની ખબર નથી) (બંને રહે. કિફાયતનગર સવગઢ-૪ તા. હિમંતનગર જી. સાબરકાંઠા)એ ભેગામળી વિરાજભાઇની વસ્ત્રાલ રીલાયંસ પેટ્રોલ પંપની પાસે આવેલ રાયકા ચા નામની દુકાનમાંથી કુલ રૂપીયા ૧,૨૯,૧૬૬/- મતાની અલગ-અલગ પ્રોડક્ટની ચા લઇ જઇ, જે ચા ના પૈસાની અવાર-નવાર ઉઘરાણી કરવા છતાં પૈસા નહિં આપી, વિરાજભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૯/૧૬**

**પાલડી** : સંજયભાઇ વિલાસભાઇ પંડિત (રહે,શિવાની એપાર્ટમેંટ વિશ્વકુંજ સોસાયટીનાં બંગલામાં વિશ્વકુંજ પાલડી) એ તા.૨૬/૧૧/૧૬ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૧/૧૬ સાંજનાં ૪/૪૫ વાગ્યાનાં સુમારે કોઇ અજાણી વ્યક્તિ એન.આઇ.ડી કેમ્પસમા આવેલ બોર્ડ રૂમ નં-૧ ની બહાર ખુલ્લા પ્રદર્શનમાં મુકેલ ડિઝાઇનર નાકાશીમાની ગ્રાસ ચેર નંગ-૦૧ જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત પ્રમાણે આશરે કિંમત રૂપિયા ૨,૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ અદેસિંહ ચલાવે છે.

**વટવા** : જુલ્ફેકાર હિદાપતઉલ્લા પઠાણ (રહે,ચૌધરી સરાઈ મહોલ્લા ગામ- સંબલ, થાના- કોતવાલી, તા.જી.સંબલ, ઉત્તરપ્રદેશ) એ તા.૨૬/૧૧/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૧૬ ના કલાક ૨/૩૦ થી સવારનાં ૦૭/૩૦ વાગ્યા દરમ્યાન નારોલ અસલાલી રોડ પર પ્રગતિનગરની બાજુમાં આવેલ નવા પાર્કિંગની બાજુમાં સર્વિસ રોડ પર પાર્ક કરેલ પોતાની ટ્રકના પાછળના ભાગે બાંધેલ તાડપત્રી તથા દોરડું કાપીને કોઇ અજાણી વ્યક્તિ ટ્રકમાં ભરેલ પ્લાસ્ટીકના દાણાના કાર્ટુનો માંથી ૨૯૧ કાર્ટૂન કુલ કિંમત રૂપિયા ૨,૯૧,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૨૦૦/૧૬**

**શહેરકોટડા** : મનિષાબેન ઉર્ફે મિનાક્ષીબેન વા/ઓ મનિષભાઇ શાંતિલાલ ચાવડા (ઉ.વ.૨૮)(રહે, શહેર ગરીબ આવાસ યોજના બાલાપીર દરગાહ પાસે સરસપુર) તા.૨૦/૧૧/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ પર જમવાનું બનાવતા હતા દરમ્યાન પ્રાયમસને પંપ મારતા પ્રાયમસમાં અચાનક ભડકો થતા, શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પિટલમા દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૧/૧૬ ના કલાક ૬/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હેકો.શ્રી દિલીપભાઇ એકનાથ ચલાવે છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઇસનપુર** : સલમાબાનુ રફીકશા દીવાન (ઉ.વ.૨૭)(રહે,મહેબબુ કિરાણા સ્ટોરની પાસે નવાબનગર ચંડોળા તળાવ, ઇસનપુર) તા.૧૯/૧૧/૧૬ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ પર દુધ ગરમ કરતી વખતે પ્રાયમસમાં ભડકો થતા, શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને એલ.જી. હોસ્પિટલમા દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૧/૧૬ બપોરના ૩/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ. શ્રી ''જે'' ડીવીઝન નાઓ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)